# Surat Municipal Corporation
## e-Magazine

Issue 17
Sept 2,2005




### તા. ૨૬–૦૮–૨૦૦૫ના રોજ સુરતમહાનગર પાલિકા દ્વારા ભેસ્તાન ખાતેના ગાર્ડનમાં પંચવટી વન અને નક્ષત્ર વનનું આયોજન

સુરત મહાનગરપાલિકા ભેસ્તાન ખાતે અંદાજે ૯૫,૦૦૦ ચો.મી. વિસ્તારમાં રૂપિયા ૨ (બે) કરોડના ખર્ચે વિકાસ પામી રહેલ શેઠ શ્રી નવીનચંદ મફતલાલ ગાર્ડનમાં અંદાજે ૧૭૫૦ ચો.મી. માં પંચવટી અને નક્ષત્ર વન અંગેનું વૃક્ષારોપણ કાર્યક્રમ શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫ ની ઉજવણીના ભાગરૂપે મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણના વરદ હસ્તે તા. ૨૬–૦૮–૨૦૦૫ના રોજ રાખવામાં આવેલ. પાલિકાના મેયરશ્રી એ તેમના પૂર્વભાદ્ર નક્ષત્ર ને અનુકુળ આંબાનું વૃક્ષનું વૃક્ષારોપણ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતના મહાન સપૂત અને વીર કવિ નર્મદ જન્મ જયંતિ ઉજવણી



સુરતના મહાન સપૂત અને વીર કવિ નર્મદ જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગાંધી બાગ સ્થિત કવિ નર્મદની પ્રતિમાને વંદનાનો કાર્યક્રમ તા. ૨૪મી ઓગસ્ટના રોજ યોજવામાં આવ્યો હતો. કવિ નર્મદની વંદનાના આ કાર્યક્રમમાં સ્નેહલતાબેન ચૌહાણ, પ્રવિણભાઈ નાયક,પંકજ જોષી, ભાવનાબેન પંડયા, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, નગરજનો વિગેરે ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરાંજલિ અર્પી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>



### તા.૩૦/૦૮/૦૫ નાં રોજ બોટનીકલ ગાર્ડન, ઉગત ભેંસાણ રોડ, ખાતે ઔષધિય વન અંગેનું વૃક્ષારોપણ કાર્યક્રમ મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણના વરદ હસ્તે રાખવામાં આવેલ

વૃક્ષારોપણ, વૃક્ષસંરક્ષણ, વૃક્ષસંબંધ એ પ્રવર્તમાન યુગની માંગ છે. આજે વધુમાં વધુ લક્ષ્ય વનસ્પતિ પ્રત્યે આપવાની જરૂરિયાત છે. આયુર્વેદે યુગોથી વનસ્પતિ સાથે સંબંધ સ્થાપિત કર્યો છે. તેને પૂજનીય માની છે. તેનો સદઉપયોગ કરીને વિશ્વ આખામાં કરોડો દરદીને સાજા કર્યા છે. લાખોને જીવતદાન દીધું છે. પરંતુ આજે જયારે વસ્તી વધી છે, રોગો વધ્યા છે અને વનસ્પતિ ઔષધોની માંગ વધી છે, તેના વિષેની અજ્ઞાનતા વધી છે અને તેની ઓળખ મુશ્કેલ બની છે ત્યારે પ્રવર્તમાન પેઢીની એ પવિત્ર ફરજ બને છે કે આગામી પેઢી માટે વનઔષધિ ક્ષેત્રે કંઈક નમુનારૂપ પ્રદાન મૂકતી જાય...

વધુ માટે કલીક કરો >>>>>>

### નાગરિક સુવિધા ક્ષેત્રે સુરત દેશભરમાં બીજા સ્થાનેઃ નવા પ્રોજેકટો હાથ ધરાયા

હજુ હમણા સુધી તો સુરતના માંડ પાંચ–છ લાખની વસ્તી હતી. એમ સુરત શહેરનો અસલ સુરતી નાગરિક કહેતો મળે એ વાસ્તવિકતા છે, કે સુરત શહેર જબરજસ્ત વિકસી રહયું છે. જેમ જેમ સુરતનો વિકાસ થઈ રહયો છે. તેમ તેમ દરેક ક્ષેત્રે પણ સુરતનું નામ દુનિયા સમક્ષ ઉભરતું થયું છે. ૯૫ ટકા વસ્તીને પાઈપલાઈનથી પાણી અને ૮૫ ટકા ડ્રેનેજ વ્યવસ્થા સાથે સુરત નાગરિક સુવિધા ક્ષેત્રે દેશમાં બીજા સ્થાને અને કેટલીક સુવિધાઓમાં દેશમાં અગ્રેસર થઈ રહયું છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### ૬૫ કરોડના ખર્ચે અઠવા–અડાજણનો નવો પૂલ શહેરનું નજરાણું પુરવાર થશે

અઠવાલાઈન્સ–અડાજણ વચ્ચે ૬૫ કરોડના અંદાજીત ખર્ચે અદભૂત પૂલ બનાવવાની દિશામાં આગળ વધી રહેલ છે. મુંબઈના કન્સલ્ટન્ટ એસ.એન.બોબે એન્ડ એસોસીએટસ ધ્વારા મનપા કચેરીમાં તાપી નદીના પુલની વિવિધ ડિઝાઈનનું પ્રેઝન્ટેશન યોજવામાં આવ્યું હતું. ભાજપ શાસકોએ કેબલ સ્ટેપેડ સ્ટ્રકચરની ડિઝાઈન મંજુર રાખી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૬–૦૮–૨૦૦૫ના રોજ સુરતમહાનગર પાલિકા દ્વારા ભેસ્તાન ખાતેના ગાર્ડનમાં પંચવટી વન અને નક્ષત્ર વનનું આયોજન



સુરત મહાનગરપાલિકા ભેસ્તાન ખાતે અંદાજે ૯૫,૦૦૦ ચો.મી. વિસ્તારમાં રૂપિયા ૨ (બે) કરોડના ખર્ચે વિકાસ પામી રહેલ શેઠ શ્રી નવીનચંદ મફતલાલ ગાર્ડનમાં અંદાજે ૧૭૫૦ ચો.મી. માં પંચવટી અને નક્ષત્ર વન અંગેનું વૃક્ષારોપણ કાર્યક્રમ શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫ ની ઉજવણીના ભાગરૂપે મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણના વરદ હસ્તે તા. ૨૬–૦૮–૨૦૦૫ના રોજ રાખવામાં આવેલ. પાલિકાના મેયરશ્રી એ તેમના પૂર્વભાદ્ર નક્ષત્ર ને અનુકુળ આંબાનું વૃક્ષનું વૃક્ષારોપણ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ડે. મેયરશ્રી ધીરૂભાઈ સવાણીએ તેમના પૂર્વષાઢા નક્ષત્રને અનુકુળ અશોકનું વૃક્ષ, કમિશ્નરશ્રી પંકજ જોષીએ તેમના ચિત્રા નક્ષત્રને અનુકુળ બિલીપત્રનાં વૃક્ષનું વૃક્ષારોપણ કરેલ હતું. પાલિકાના વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓએ, સભ્યશ્રીઓએ, નગરજનોએ તેમજ અધિકારીઓએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. પંચવટી અને નક્ષત્ર વન થી બાગનાં મુલાકાતીઓને વૃક્ષોનું મહત્વ અને વૃક્ષો તથા નક્ષત્રો સાથેના સંબંધ અંગેની જાણકારી મળશે.

વૃક્ષોનું મહત્વ પંચવટીના રૂપે માપી શકાય છે. ભારતમાં દરેક પ્રાંતના લોકો એને પુજે છે. (પંચવટી) આ શબ્દ ભારતના બધાં જ ગ્રંથોમાં ઉલ્લેખાયો છે. પંચવટીનો અર્થ જોડણી છુટી પાડીને સમજી શકાય, જેમકે પંચ અને વટી. જેમાં પંચનો અર્થ પાંચ અને વટીનો અર્થ વૃક્ષોનુ સમુહ અર્થાત્ પાંચવૃક્ષોનો સમુહ. પાંચ શબ્દનો અર્થ ભારતમાં બહુવચન સુચવે છે. એવી જ રીતે પંચવટીનો અર્થ પણ બહુવચન સુચવે છે. પંચવટીના પાંચેય વૃક્ષોને પૌરાણિક ગ્રં થોમાં બહુ જ મહત્વના ગણાવ્યા છે. આ પાંચેય વૃક્ષો ઉંચુ મહત્વ ધરાવે છે. પંચવટીના વૃક્ષોનો ઉલ્લેખ ગ્રંથોમાં તે જગ્યાનું પૌરાણિક મહત્વ સુચવે છે. તેથી પંચવટી ખુબ જ પવિત્ર અને અદ્ભુત છે. પંચવટીનું મહત્વ ઘણું જ જુનુ છે પણ સમાજને એની જાણ વાલ્મિકી ઋષિએ લખેલા રામાયણ ગ્રંથ દ્વારા થઈ, જેમાં શ્રી રામે વનવાસ દરમ્યાન એમનો સમય પંચવટીમાં વિતાવ્યો હતો.

પૌરાણિક ગ્રં થોમાં ''વડ''ના વૃક્ષનું ખુબ જ મહત્વ છે. તેની મહત્વતા તેના જ નામમાં વસેલી છે. વડલો તેની વડવાહિનીઓને ધરતી સુધી લંબાવે છે અને આ જ વડવાહિનીઓ જમીનમાં પ્રવેશીને નવા વૃક્ષ તરીકે વૃધ્ધિ પામે છે. નવા વૃક્ષની ઉદ્ભવની આ પ્રથા સૌથી સરસ છે. વડનું જીવન ઘણું જ લાંબુ હોય છે. વડના પાંદડા, મૂળિયા, ડાળ અકસીર છે. તે શરીરને ઠંડુ પાડવામાં, રંગ– રૂપ નિખારવામાં, કફ, દાંતનો દુખાવો, સ્ત્રી રોગની સારવાર માટે કામ લાગે છે. ભારત દેશમાં વડ આજ દિવસ સુધી પુંજાય છે. બીજુ વૃક્ષ ''પીપળો'' છે. પ્રકૃતિના નિયમ આધીન પીપળાના વૃક્ષને કોસમોસની ઉપમા સાથે સરખાવવામાં આવે છે. પ્રકૃતિના પ્રદુષણને નિયંત્રિત કરવા માટે સૌથી ઉપયોગી વૃક્ષ તરીકે ઓળખાય છે. કારણકે તે પ્રકૃતિમાં સૌથી વધારે ઓકિસજનનો ઉદ્ભવ કરે છે. આ વૃક્ષમાં આપણા પૂર્વજોનો વાસ હોય છે. તેથી રાત્રી સમયે વૃક્ષના નજીક ન જવું. અશોક, બિલી અને હરડે/ આમળા એમ અન્ય ત્રણ વૃક્ષો છે. તેથી આ પાંચેય વૃક્ષોની પસંદગી વિભિન્ન ફાયદાઓને કારણે કરવામાં આવી. જેમ કે ફિલસુફીમાં, મેડીકલ સાયન્સમાં અને ભુગોળ શાસ્ત્રના આધારે તેઓ વાતાવરણના અનુરૂપ ફાયદાકારક છે. આ પાંચેય વૃક્ષની પસંદગી પાછળ એક મુળ હકીકત એ છે કે તેના છાયડામાં તમે સૌથી વધારે પવિત્ર, સુખી, સ્વસ્થ અને શાં તિ અનુભવો છો.ઘર પાસે પંચવટી બનાવવાથી ઘર સ્વસ્થ, ઉજજવળ અને રહેવા લાયક બને છે.

| અ.નં. | નક્ષત્રનું નામ | વૃક્ષનું નામ | અ.નં. | નક્ષત્રનું નામ | વૃક્ષનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | અશ્વિની | અળુસા | ૧૫. | સ્વાતિ | અર્જુન |
| ૨. | ભરણી | આમળો | ૧૬. | વિશાખા | બોરસલી |
| ૩. | કૃતિકા | અંબર | ૧૭. | અનુરાધા | બોરસલી |
| ૪. | રોહિણી | જાંબુ | ૧૮. | જયેષ્ઠ | સપ્તપર્ણી |
| ૫. | મૃગશીર્ષ | ખેર | ૧૯. | મૂળ | સાલ |
| ૬. | આર્દ્રા | બેહડા | ૨૦. | પૂર્વાષાઢા | અશોક |
| ૭. | પુનર્વસુ | વાંસ | ૨૧. | ઉત્તરાષાઢા | ફણસ |
| ૮. | પુષ્ય | પીપળો | ૨૨. | શ્રાવણ | સિલ્ક કોટન ટ્રી |
| ૯. | આશ્લેષા | નાગચંપો | ૨૩. | ઘનિષ્ઠ | શમી |
| ૧૦. | મઘા | વડ | ૨૪. | સપ્તર્ષિ | કદમ |
| ૧૧. | પૂર્વ ફાલ્ગુની | પલાશ | ૨૫. | પૂર્વ ભાદ્ર | આંબો |
| ૧૨. | ઉત્તરા | અરેલીયા | ૨૬. | ઉત્તર ભાદ્ર | લીમડો |
| ૧૩. | હસ્ત | જૂઈ | ૨૭. | રેવતી | મહુડો |
| ૧૪. | ચિત્રા | બીલી | | | |

દરેક વૃક્ષો–વનસ્પતિને દરેક જુદાં–જુદાં નક્ષત્રો સાથે સંબંધ છે. અમુક વનસ્પીતને અમુક જ નક્ષત્રોમાં વિધિ –વિધાન સહિત તોડી પાસે રાખવાથી અગર તેના ઉપયોગ મુજબ ઉપાયો કરવાથી તાત્કાળ શુભ ફળ પ્રાપ્ત થાય છે. તેમાં કશું જ અશુભ થતું નથી. હા, કદાચ યોગ્ય વિધિ ન થવાથી ફળ મળે નહીં, પરંતુ નુકશાન તો થાય જ નહીં.

## SMC develops Nakshtra and Panchvati Van

Surat Municipal Corporation takes initiatives to promote the tree plantation in city through people participation and to make people more aware of the religious importance of trees. Accordingly work started developing Nakshtra Van and Panchvati Van at various places. On 26/8/05, trees according to stars and panchvati concept were planted by the Mayor Smt. Shnehlataben Chauhan, Dy. Mayor Shri Dhirubhai Savani, Municipal Commissioner Shri Pankaj Joshi etc. at new developing garden at Bhestan area of city.

Municipal Commissioner Mr. Pankaj Joshi told that Nakshtra and Panchvati Van in this garden will be developed in an area about 1750 sq. mt. wherein nearly 100 trees will be covered as per the stars and Panchvati concept. Working on this concept, he told that development of Panchvati and Nakshtra Van at various places in city will promote the tree plantation to make the people aware of importance of trees and will save the trees from the degradation and concept will help in greening the city.

Dr. S. J. Gautam further explained that peoples are returning to nature worship, because it is scientifically being proven that going around particular tree is beneficial and at the same time improve environment condition.

Garden Superintendent Dr. Gautam said that in astrology, each star (Nakshtra) has a tree that is identified with it. It is believed that people belonging to a particular star would benefit by worshipping the tree associated with it.

**List of trees associated with Stars (Nakshtra)**

| Sr. No. | Nakshtra | Tree | Sr. No. | Nakshtra | Tree |
|---|---|---|---|---|---|
| 1 | Ashwini | Arduso | 15 | Swati | Arjun |
| 2 | Bharni | Aonla | 16 | Vishaka | Mimusop |
| 3 | Kritika | Umaro | 17 | Anurada | Mimusop |
| 4 | Rohini | Jamun | 18 | Jyeshta | Alstonia |
| 5 | Mrigshira | Kher | 19 | Mula | Shisam |
| 6 | Ardra | Baheda | 20 | Purva Ashadha | Ashok |
| 7 | Punarvasu | Bamboo | 21 | Uttara Ashadha | Jack Fruit |
| 8 | Pushya | Peepal | 22 | Shravana | Silk Cotton tree |
| 9 | Ashlesha | Nagchampa | 23 | Dhanishta | Shami |
| 10 | Magha | Banyan | 24 | Shaptabhishak | Kadam |
| 11 | Purva Phalguni | Palash | 25 | Purva Bhadrapada | Mango |
| 12 | Uttara Phalguni | Arelia | 26 | Uttar Bhadrapada | Neem |
| 13 | Hasta | Juhi | 27 | Revati | Madhuca |
| 14 | Chitra | Bael | | | |

It was told that in concept of Panchvati trees like Banyan, Peepal, Ashoka, Bela and Aonla were planted by dignitaries.

Those who wish to plant trees, according to Nakshtra should contact SMC officials for procuring saplings.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતના મહાન સપૂત અને વીર કમિ નર્મદ જન્મ જયંતિ ઉજવણી

" સહુ ચાલો જીતવા જંગ, બ્યુગલો વાગે,
યા હોમ કરી પડો, ફતેહ છે આગે. "

સુરતના મહાન સપૂત અને વીર કમિ નર્મદ જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા ગાંધી બાગ સ્થિત કવિ નર્મદની પ્રતિમાને વંદનાનો કાર્યક્રમ તા. ૨૪મી ઓગસ્ટના રોજ યોજવામાં આવ્યો હતો. કવિ નર્મદની વંદનાના આ કાર્યક્રમમાં મા. મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ નાયક, મ્યુનિ. કમિશનરશ્રી પંકજ જોષી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ ભાવનાબેન પંડયા, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, નગરજનો વિગેરે ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરાંજલિ અર્પી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકોએ કવિ નર્મદની જય જય ગરવી ગુજરાત ઉપરાંત અનેક શૌર્ય ગીતોની રજુઆત કરી કવિ નર્મદને સ્વરાંજલિ અર્પી હતી.

ગાંધી બાગ ખાતે નર્મદ વંદનાના કાર્યક્રમ બાદ કવિ નર્મદ સરસ્વતી મંદિર ખાતે મા. મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણ તથા અન્ય પદાધિકારીઓ તથા અધિકારીશ્રીઓ દીપ પ્રાગટય કરી સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ધ્વારા તૈયાર થયેલ વીર કવિ નર્મદના જીવનની રૂપરેખા આધારિત પુસ્તકો, ફોટોગ્રાફસ અને વિવિધ માહિતીઓ દર્શાવતા પ્રદર્શનને ખુલ્લુ મુકાયું હતું અને કવિ નર્મદે વિધવા વિવાહ, સમાજમાં પ્રસરેલા કુરિવાજો દૂર કરવા તથા ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવા કરવા બદલ આપેલા યોગદાનની યાદ તાજી કરી હતી.




વીર કવિ નર્મદનો જન્મ ૨૪મી ઓગસ્ટ, ૧૮૩૩ના રોજ સુરત મુકામે થયો હતો. તેમણે મુંબઈ ખાતે અભ્યાસ પૂરો કરી સુરત સ્થિર થયા હતા. છંદ શાસ્ત્રનું સર્વ પ્રથમ પુસ્તક " પીંગળ પ્રવેશ " ગુજરાતીમાં પ્રસિધ્ધ કર્યું. ત્યાર બાદ ૧૮૫૧ થી ૧૮૬૧ના ગાળામાં નર્મ કવિતા અંક ૧ થી ૧૦ પણ પ્રસિધ્ધ થયા. અનેક સુધારાલક્ષી નાટકો જેવા કે દ્રોપદી દર્શન, સીતાહરણ, શ્રી સાર શાકુંતલ, મુકિત મંત્ર, બાળ વિજય પણ તેમના ધ્વારા તૈયાર કરાયા. નર્મ કોશ અંક ૧ થી ૪ તથા નર્મ વ્યાકરણ અંક ૧ થી ૨ પણ તેઓ ધ્વારા પ્રસિધ્ધ કરાયા. સને ૧૮૬૪ના સપ્ટેમ્બરમાં દાંડિયો વર્તમાનપત્ર શરૂ કર્યું. બાળ વિધવા નર્મદાગૌરી સાથે પુનઃલગ્નનું ક્રાંતિકારી પગલું ભર્યુ જેના પરિણામે તેમને ન્યાત બહાર મુકવામાં આવ્યા. આવા સુધારાવાદી વીર કવિ નર્મદનું અવસાન તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૮૮૬ના રોજ મુંબઈ મુકામે થયું હતું. અંતમાં...

" નર્મદ ઘયલ દર્દીનું દર્દ તે નર્મદ જેવું જ દર્દ પિછાને
નર્મદ સજજન એવું તે કોક રસે રુઝવે રુઝવી દિલઘાને "

TOP

## તા.૩૦/૦૮/૦૫ નાં રોજ બોટનીકલ ગાર્ડન, ઉગત ભેંસાણ રોડ, ખાતે ઔષધિય વન અંગેનું વૃક્ષારોપણ કાર્યક્રમ મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણના વરદ હસ્તે રાખવામાં આવેલ



વૃક્ષારોપણ, વૃક્ષસંરક્ષણ, વૃક્ષસંબંધ એ પ્રવર્તમાન યુગની માંગ છે. આજે વધુમાં વધુ લક્ષ્ય વનસ્પતિ પ્રત્યે આપવાની જરૂરિયાત છે. આયુર્વેદે યુગોથી વનસ્પતિ સાથે સંબંધ સ્થાપિત કર્યો છે. તેને પૂજનીય માની છે. તેનો સદઉપયોગ કરીને વિશ્વ આખામાં કરોડો દરદીને સાજા કર્યા છે. લાખોને જીવતદાન દીધું છે. પરંતુ આજે જયારે વસ્તી વધી છે, રોગો વધ્યા છે અને વનસ્પતિ ઔષધોની માંગ વધી છે, તેના વિષેની અજ્ઞાનતા વધી છે અને તેની ઓળખ મુશ્કેલ બની છે ત્યારે પ્રવર્તમાન પેઢીની એ પવિત્ર ફરજ બને છે કે આગામી પેઢી માટે વનઔષધિ ક્ષેત્રે કંઈક નમુનારૂપ પ્રદાન મૂકતી જાય. આયુર્વેદમાં વનસ્પતિઓનું મહત્વ ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકા દ્વારા ઉગત ભેંસાણ રોડ પાસે આવેલ અંદાજે ૧,૪૦,૬૯૫ ચો.મી. જગ્યામાં વિશિષ્ટતા અને વિવિધતા ધરાવતું બોટનીકલ ગાર્ડન વિકસાવવા કામગીરી હાથ ધરેલ છે. આ પ્રોજેકટ પાછળ મહાનગરપાલિકા અંદાજે ૬ (છ) કરોડનો ખર્ચ કરશે. સદર બોટનીકલ ગાર્ડનમાં વિવિધ પ્રકારના બગીચાઓ તૈયાર કરવાનું આયોજન કરેલ છે.

તા.૩૦/૦૮/૦૫ નાં રોજ સદર સ્થળે ઔષધિય વન અંગેનું વૃક્ષારોપણ કાર્યક્રમ મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણના વરદ હસ્તે રાખવામાં આવેલ, મેયર શ્રીમતી સ્નેહલતાબેન ચૌહાણે મધુ પ્રમેહ, ઝાડા, પથરી અને પિત્તની ઉલટી માં અકસીર જાંબુના વૃક્ષનું વૃક્ષારોપણ કરી કાર્યક્રમની જરૂઆત કરેલ. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ડે.મેયરશ્રી ધીરૂભાઈ સવાણી, અધ્યક્ષશ્રી પ્રવિણભાઈ નાયક, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના ચેરમેનશ્રી , વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, મળી વિવિધ જાતના ઔષધિવનમાં ઔષધિય મહત્વની ગુણવતા ધરવતા વિવિધ પ્રકારના વૃક્ષો જેવાકે, ખેર, આંબો, શીરીષ, લીંબુ, ચંદન, ઉમરો, કરંજ, અશોક, જાંબુ, લીકડો, આંબળાં, સરગવો, દાડમ, ખાખરો, સપ્તપર્ણી, શીમળો, બીલીપત્ર, ખિજડો, વડ, કચનાર, બહેડા, અર્જુન, બિજોરૂ, હરડે, બોરસલી, પારિજાતક, નગોડ, કદમ, ગરમાળો, નાળીયેરી, વિગેરેનું વૃક્ષારોપણ કરવામાં આવેલ. સદર ઔષધિવનથી બાગોમાં આવતા મુલાકાતીઓને વનઔષધિ વિષયક જાણકારી, ઉપયોગીતા વિગેરેની માહિતી જાણવા મળશે.

વિકાસ પામી રહેલ સદર સ્નેહ રશ્મિ બોટનીકલ ગાર્ડનમાં વિવિધ જાતના ગાર્ડનો જેવાકે,

*(અ) સરખી રચના વાળી વિશાળ રેન્જની અલગ–અલગ વનસ્પતિઓનું માળખું :–* (૧)રોઝ ગાર્ડન(૨)પામ ગ્રુવ(૩)કેકટસ અને સકર્યુલન્ટ ગાર્ડન(૪)ગ્રાસીસ,રીદર્સ અને બાંબુ(૫)વેલીઓનો બાગ(૬)કવરીંગ પ્લાન્ટસ, હેજીસ બોર્ડર્સ

*(બ) વનસ્પતિને ઉગવા માટે જરૂરી વાતાવરણ ઉપરથી રચી શકાય તેવું માળખું :–* (૧)એકવેટીક ગાર્ડન(૨)રોક ગાર્ડન(૩)ટ્રોપીકલ રીઝર્વ ફલરેસ્ટ(૪)સીઝનલ ગાર્ડન

*(ક) વનસ્પતિના ઉપયોગ અને ખાસિયત પ્રમાણેનું માળખુ :–* (૧) સુગંધિ વનસ્પતિઓનો બાગ (૨) મેડીસીનલ પ્લાન્ટસ (૩) અંધજન માટેનો ગાર્ડન(૪) બાળકોનો ગાર્ડન

*(ડ) માનવસર્જીત બગીચાઓનાં ઈતિહાસ અને અલગ :–* અલગ પ્રદેશમાં કયાં પ્રકારના બાગ વિકસિત કરાય છે તેનો ચિતાર દર્શાવતા બગીચાઓ જેવા કે(૧)ઐતિહાસિક ઉદ્યાન(૨)જાપાનીઝ ગાર્ડન(૩)ચાઈનીઝ ગાર્ડન(૪)મુગલ ગાર્ડન(૫)મિથોલોજીકલ ગાર્ડન

*(ઈ) અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વનસ્પતિને લગતી માહિતી દર્શાવતા ગાર્ડન જેવા કેઃ–* (૧)અલભ્ય અને લુપ્ત થતા છોડોનો ગાર્ડન (૨)ઉત્ક્રાંતિ પથ દર્શાવતો ગાર્ડન(૩)ઉછેર અને માવજતની માહિતી આપતો બાગ(૪)પાણીની બચત કરીને ઉછેરવામાં આવતી વનસ્પતિઓનો બાગ(૫)નાના બાગની રચના કઈ રીતે કરી શકાય તેનાં ચિતાર દર્શાવતા બાગ

*(ફ)વધારે માવજત માંગી લેતા બાગોની માહિતી દર્શાવતા ગાર્ડન જેવા કે :–* (૧)બોનસાઈ ગાર્ડન(૨)ટોપીયરી ગાર્ડન(૩)એકઝોટીક ગાર્ડન(૪)ગ્રીન હાઉસ(૫)ગ્લાસ હાઉસ(૬)નેટ હાઉસ વગેરે તૈયાર કરવામાં આવનાર છે.

TOP

## નાગરિક સુવિધા ક્ષેત્રે સુરત દેશભરમાં બીજા સ્થાનેઃ નવા પ્રોજેકટો હાથ ધરાયા

હજુ હમણા સુધી તો સુરતના માંડ પાંચ–છ લાખની વસ્તી હતી. એમ સુરત શહેરનો અસલ સુરતી નાગરિક કહેતો મળે એ વાસ્તવિકતા છે, કે સુરત શહેર જબરજસ્ત વિકસી રહયું છે. જેમ જેમ સુરતનો વિકાસ થઈ રહયો છે. તેમ તેમ દરેક ક્ષેત્રે પણ સુરતનું નામ દુનિયા સમક્ષ ઉભરતું થયું છે. ૯૫ ટકા વસ્તીને પાઈપલાઈનથી પાણી અને ૮૫ ટકા ડ્રેનેજ વ્યવસ્થા સાથે સુરત નાગરિક સુવિધા ક્ષેત્રે દેશમાં બીજા સ્થાને અને કેટલીક સુવિધાઓમાં દેશમાં અગ્રેસર થઈ રહયું છે.

એક નાનકડા રાજયનું બજેટ હોય તેવું લગભગ ૮૦૦ કરોડનું તો મનપાનું બજેટ છે. અઢળક નાણાં છે અને તેના ધ્વારા સંખ્યાબંધ નવા પ્રોજેકટો નાગરિકોની સુવિધા માટે કાર્યરત થઈ રહયા છે. તેમાં આંજણા ખાતે બાયોગેસ પાવર પ્લાન્ટને મળેલી સફળતાને પગલે ભટાર, કરંજ અને સીંગણપોર સુવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નીકળતાં સુવરેજ કે જેમાંથી મીથેઈન વીજ ઉત્પન્ન થાય તેમાંથી ૪,૬૭,૦૦૦ યુનિટ વીજ ઉત્પાદન કરી પ્રતિમાસ રૂા. ૧૫ લાખની વીજ બચત કરવાનો મહાનગરપાલિકાએ નિર્ધાર કર્યો છે. આ બિનપરંપરાગત ઉર્જાસ્ત્રોત માટે ભારત સરકારની સહાયનું પણ આયોજન છે. શહેરમાં અઠવાઝોન સેન્ટ્રલઝોન વરાછા ઝોન વિસ્તારમાંથી ઘેર ઘેરથી કચરો ઉઘરાવવાની અને તેનો નિકાલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સવારે સમયસર આવતા  વાહનોમાં કચરો નાંખવાની નાગરિકોને ટેવ પડતી ગઈ છે.

મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ ૨૦૦૦ તથા સુપ્રિમ કોર્ટ ગાઈડ લાઈન અનુસાર સોલિડ વેસ્ટનો અંતિમ નિકાલ આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવાના ભાગરૂપે ગુજરાતભરમાં સુરત મહાનગરપાલિકાએ પ્રથમવાર પહેલ કરી સેનીટરી લેન્ડ રીલ સેલના બાંધકામ માટે રૂા. ૧.૩૧ કરોડની યોજના હાથ ધરી જેનું કામ પૂર્ણતાને આરે છે. શહેરમાં પ્રતિદિન ૯૦૦ મેટ્રીક ટેન સોલિડ વેસ્ટ ઉપ્તન્ન થાય છે. આ માટે મુંબઈની એક એજન્સીને વેસ્ટ ટુ પાવર પ્રોજેકટ બ્યુલ્ટ ટુ ઓપરેટર માટે ૩૦ વર્ષ માટે પ્રસ્થાપિત કરવા મંજૂરી આપેલ છે. વર્મીકલ્ચર પ્રોજેકટ સુરત શહેરના વેજીટેબલ વેસ્ટ જે બાયો ડીગ્રેડીબલ એટલે જૈવિક રીતે વિવિધ રીતે થઈ શકે તે પ્રકારનો હોય, તેમાંથી કોમ્પોસ્ટ ખાતર બનાવવા માટે વર્મીકલ્ચર પ્રોજેકટ તૈયાર કરવા સને ૨૦૦૫–૨૦૦૬ના બજેટમાં રૂા. ૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. શાક માર્કેટના કચરામાંથી ઉત્પન્ન થનાર ખાતરનો શહેરના ૫૦ ઉપરાંતનો બાગ–બગીચાઓ માટે ઉપયોગ કરવાનું પણ વિચારાયું છે. શહેરમાંથી મળી આવેલ મરેલા પક્ષીઓ જાનવરોના મૃતદેહોને આધુનિક પધ્ધતિથી નિકાલ માટે ઈન્સીનેટરની વ્યવસ્થા માટે રૂા. ૬૫ લાખના ખર્ચની વ્યવસ્થાનું આયોજન છે. શહેરના આકર્ષણ સમા બાગ–બગીચાની સુવિધાઓમાં તેમજ નવા બાગ–બગીચા વધારવાની કામગીરી હાથ ધરાઈ છે. ડભોલી ગામ તળાવ ખાતે બે સરોવર પીકનિક સ્પોટ બનાવવાનું આયોજન પણ છે. રૂા. ૬ કરોડના ખર્ચની ઉગત વાણિયા તળાવ ખાતે બોટનીકલ ગાર્ડન, જેમાં કેકટસ, મોગલ ગાર્ડન, સ્ટેપ ગાર્ડન, જાપાનીશ ગાર્ડન તેમજ મેડીસીન પ્લાન્ટ અને દેશના અન્ય પ્રાંતમાં થતી અલભ્ય વનસ્પતિનો પણ ઉછેર કરવાનું આયોજન છે. નવસારી બજાર વિસ્તારનું ઐતિહાસિક ગોપી તળાવને આકર્ષણનું કેન્દ્ર બનાવવાની પણ યોજના છે.

નોર્થઝોનમાં વિસ્તારમાં એમ્યુઝમેન્ટ પાર્કમાં ગાર્ડનનું આયોજન હાથ ધરેલ છે. જેમાં ફોર્મલ ગાર્ડન, ઈન્ફોર્મર ગાર્ડન, એમ્બ્રેલા ગાર્ડન, લીલીપુલ અને ગાર્ડન, રોઝ અને વોટર ફલાવર્સ ગાર્ડન તેમજ વોટરફોલ અને વોટરકાસેટ ગાર્ડનનો સમાવેશ થાય છે. ભારતનું સૌથી મોટું માછલી ઘર બનાવવા માટે પણ મહાનગરપાલિકાએ નકકી કર્યુ છે. શહેરના ઝોનદીઠ એક એક બગીચામાં મ્યુઝિકલ સિસ્ટમ કાર્યરત કરવાનું પણ આયોજન કરાયું છે.

TOP

## ૬૫ કરોડના ખર્ચે અઠવા–અડાજણનો નવો પૂલ શહેરનું નજરાણું પુરવાર થશે

**અઠવાલાઈન્સ–અડાજણ વચ્ચે ૬૫ કરોડના અંદાજીત ખર્ચે અદભૂત પૂલ બનાવવાની દિશામાં આગળ વધી રહેલ છે. મુંબઈના કન્સલ્ટન્ટ એસ.એન.બોબે એન્ડ એસોસીએટસ ધ્વારા મનપા કચેરીમાં તાપી નદીના પુલની વિવિધ ડિઝાઈનનું પ્રેઝન્ટેશન યોજવામાં આવ્યું હતું. ભાજપ શાસકોએ કેબલ સ્ટેપેડ સ્ટ્રકચરની ડિઝાઈન મંજુર રાખી હતી.**

**તાપી નદી પર અઠવાલાઈન્સમાં લો કોલેજની સામે પાંચ પાંડવ બંગલાથી સામે પાર પાલ જકાતનાકા નજીક પુલ બનાવવાનો સૈધ્ધાંતિક નિર્ણય સ્થાયી સમિતિમાં લેવાઈ ચૂકયો છે. ૧૫મી ઓકટોબરે મુદત પૂરી થાય તે પહેલા આ પુલના કામને નકકર સ્વરૂપ આપવાની દિશામાં શાસકો આગળ વધી રહયા છે. મનપા કચેરીમાં તાપી નદીના પુલ અને કાપોદ્રા ફલાયઓવરની ડિઝાઈનનું પ્રેઝન્ટેશન રાખ્યું હતું. મુંબઈના કન્સલ્ટન્ટે જેમાં આધુનિક ડિઝાઈનના ચાર વિકલ્પ રજુ કરવામાં આવ્યા. મેયર સ્નેહલતાબેન ચૌહાણ, મ્યુ. કમિ. પંકજ જોશી, સ્થાયી ચેરમેન પ્રવિણ નાયક, શાસક પક્ષના નેતા પૂર્ણેશ મોદી તથા વિપક્ષી નેતા બાબુ રાયકા, કેબલ સ્ટેપડ સ્ટ્રકચર ડિઝાઈન માટે સહમત થયા હતાં. આ ડિઝાઈન મુજબનો એક પણ પુલ ગુજરાતમાં નથી. ૭૦૦ મીટર લંબાઈ અને ૨૦ મીટર પહોળાઈની આ ડિઝાઈનમાં ઓછામાં ઓછા પિલરનો ઉપયોગ થશે. સ્થાયી અધ્યક્ષશ્રી પ્રવિણ નાયકે જણાવ્યું હતું કે પુલનો ૬૫ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આ મુજબની ડિઝાઈનનો પુલ તૈયાર થાય તો એ શહેર માટે અનોખું નજરાણું હશે. આ પુલને કારણે અડાજણથી પાર્લેપોઈન્ટ આવવાનું સરળ બનશે. સાથો સાથ વધતા જતા ટ્રાફિકનું ભારણ અન્ય પૂલો પર હળવું થશે.**

TOP